# યાદગાર અનુભવો આપી ગયું ૨૦૧૭નું વર્ષ

વિદાય લઈ રહેલું વર્ષ ૨૦૧૭ દેશભરમાં ઘણી ઉથલ-પાથલ કરનારું રહ્યું... ગાંધીનગર માટે પણ આ વર્ષ અનેક સૂચક ઘટનાઓની સાક્ષી આપનારું વર્ષ રહ્યું છે. કોઈકને લાગે છે કે વર્ષ ક્યારે આવ્યું અને ક્યારે જતું રહ્યું. તો કોઈકને આ વર્ષ સદીઓ જેટલું લાંબુ લાગ્યું. હા, દરેક માટે યાદગાર અનુભવો આપનારું આ વર્ષ રહ્યું છે તેમાં બે મત નથી. વર્ષાન્તે શહેરીજનોએ વર્ષની ઘટનાઓ તાદશ્ય કરી તો આવનારા નૂતનવર્ષ પાસે કેવી અપેક્ષાઓ છે તેની પણ વાત કરી છે.

●●●



મારી કારકિર્દી માટે ૨૦૧૭નું વર્ષ ખૂબ જ અગત્યનું વર્ષ હતું. આ વર્ષમાં મને ઘણા સારા પ્રોજેકટ મળ્યા છે. ઘણા ઉતાર-ચઢાવ સાથેના આ વર્ષમાં મેં કેટલાક મહત્વના નિર્ણયો પણ લીધા છે. જેના પરિણામ મને ૨૦૧૮માં જોવા મળશે અને મને નૂતન વર્ષથી ઘણી અપેક્ષાઓ પણ છે. વર્ષ ૨૦૧૭માં મેં મારા દાદાજીને ગુમાવ્યા છે જેનો મને રંજ જરૂર છે પરંતુ એકંદરે ૨૦૧૭નું વર્ષ અંગત રીતે સારું રહ્યું છે.

**● અવની મોદી, અભિનેત્રી**



વર્ષ ૨૦૧૭માં મારા દ્વારા હાથ ધરાયેલ પ્રવૃત્તિઓ અને કામગીરીમાં એકંદરે સફળતા પ્રાપ્ત થઈ છે જેમાં મારા સ્નેહીજનો અને મિત્રોનો મહત્વપૂર્ણ સહયોગ મળ્યો છે. આ વર્ષદરમિયાન ૧૫૦થી વધુ દર્દીઓને વૈકલ્પિક સારવાર પધ્ધતિ સુજોક થેરેપીથી સારવાર આપવાનો અનુભવ આનંદદાયક રહ્યો અને આ પ્રવૃત્તિ ૨૦૧૮માં પણ આગળ વધારવાનો સંકલ્પ કર્યો છે. આ ઉપરાંત મારે દિકરી ના હોવા છતાં મિત્રની દિકરીને કન્યાદાન કરવાની તક મળી જે મારા અને મારા પરિવાર માટે યાદગાર પ્રસંગ રહ્યો છે.

**● પંકજ દેસાઈ, સુજોક થેરાપિસ્ટ**



મારું ૨૦૧૭નું વર્ષ ખૂબ જ પ્રોત્સાહક રહ્યું કેમ કે મને આ વર્ષમાં બધાનો ખૂબ પ્રેમ અને સન્માન પ્રાપ્ત થયા જો કે શારિરીક રીતે કપરો સમય પણ અનુભવ્યો જેમાં હું પડી ભાંગી હતી. જો કે મારા કુટુંબીજનો અને કોલેજ પરિવારના સ્નેહની હૂંફે મને ફરી ઉભી કરી છે. આ સર્વેની હું આભારી છું. મારા અનુભવે મને શિખવાડયું છે કે તમે બીજાને મદદરૂપ થાવ તો તે કર્મ તમને જરૂર અણીના સમયે પાછું મળે છે તેથી વર્ષ ૨૦૧૮માં મેં મારાથી શકય હોય તેટલી અન્યોને મદદરૂપ થવા કોશિષ કરીશ તેવો સંકલ્પ કર્યો છે.

**● પ્રો. કૃપા મેહતા, પ્રોફેસર, એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ**



૨૦૧૭નું વર્ષ બહુ જ સારું રહ્યું છે. રાજકીય ક્ષેત્રે મારી આ વર્ષમાં સારી એવી પ્રગતિ થઈ છે. જેમાં પહેલા હું સચિવ હતો ત્યારબાદ દક્ષિણ વિધાનસભા બેઠકનો પ્રભારી બન્યો બહુજન સમાજ પાર્ટીમાં, આ સાથે સાથે મારો શિવાનંદ નેચરકેરનો બીઝનેસ પણ બહુ પ્રસિધ્ધ થયો, આરોગ્ય પણ સારું રહ્યું અને પરિવારમાં પણ બધા પરિવારજનોએ બહુ સારી પ્રગતિ કરી છે. તેથી આ વર્ષ મારા માટે લાભદાયી સાબિત થયું છે.

**● દિપરાજ મહેરા**



મને ૨૦૧૭નું વર્ષ લાભદાયી નીવડયું છે. કારણ કે મારે જે શાળામાં બાળકનું એડમીશન જોઈતું હતું. તેમાં બાળકને એડમીશન મળી ગયું. જયારે મને અને મારી વાઈફને જોબમાં પ્રમોશન મળતા મારા પરિવાર માટે આ વર્ષ સફળતાનું વર્ષ સાબિત થયું છે.

**● કિરણ દવે**



મારા પરીવાર અને વેપાર બંને ક્ષેત્રે વર્ષ ૨૦૧૭ મારા માટે સારું રહ્યું છે. સુખ-સમૃધ્ધિ અને શાંતિથી ભરપુર વર્ષ મારા જીવનમાં રહ્યું છે. મારો પરિવાર, મિત્રો અને વડીલોના આર્શીવાદથી ઈન્સ્યોરન્સ વેપારમાં પણ મને સારી એવી નામના મળી છે.

**● નિતિન પટેલ**



વર્ષ ૨૦૧૭ મારા આરોગ્ય અને આર્થિક રીતે પણ નબળું રહ્યું છે. વેપાર-ધંધામાં મહેનત કરીને પૈસાની કમાણી કરતા હતા ત્યાં વર્ષની મધ્યમાં જ જીવલેણ અકસ્માત સર્જાતા પથારીવશ થયો હતો. અત્યારે હાલ માંડ ચાલી શકું છું. જેથી આ વર્ષ મારા માટે આરોગ્યની દષ્ટિએ પણ સારું નથી રહ્યું અને અકસ્માતને પગલે પરિવારમાં પણ થોડી આર્થિક કટોકટી સર્જાઈ છે.

**● મોહનભાઈ રમણભાઈ પરમાર**



મારા અને પરિવાર માટે વર્ષ ૨૦૧૭નું એકંદરે સારું રહ્યું છે. આ વર્ષે નોકરીમાં સ્થિરતા જળવાતા પ્રગતિ થવા પામી છે. પારિવારીક જીવનમાં પણ હર્ષોલ્લાસથી ભરેલું રહ્યું છે.

**● પંકજકુમાર વાઘેલા**



શાકભાજીના જથ્થાબંધ વેપાર સાથે સંકળાયેલ છું. આ વર્ષ વેપારક્ષેત્રે મારા માટે મધ્યમ રહ્યું છે. થોડા માસ અગાઉ ટામેટાના ભાવમાં વધારો થતાં ૪૦ ટકા વેપાર વધી ગયો હતો તો બીજી તરફ ડુંગળીના ભાવને પગલે પણ વેપારીઓને આ વર્ષે જોઈએ તેટલો વેપાર ન મળતા આ વર્ષે વેપારક્ષેત્રે મારા માટે વર્ષ મધ્યમ રહેવા પામ્યું છે.

**● હર્ષદ બારોટ**



અનુભવના આધારે હું હવે પરિસ્થિતિઓને સ્વીકારતો થયો છું. જેનો લાભ મને ગત વર્ષે મળ્યો. આધ્યાત્મિક બળના કારણે પોઝીટીવ બન્યો છું. દરેક ક્ષણને હકારાત્મક રીતે જોવાને કારણે સત્યની કસોટી પણ થઈ, આ દરમિયાન મારી નજીક કોણ છે તેની મને ઓળખ થઈ. હવે નવા વર્ષે 'સ્વાસ્થ્ય એજ અમૂલ્ય ઘરેણું છે' તે સૂત્રને અમલમાં મુકી શારિરીક સ્વાસ્થ્ય માટે યોગ-પ્રાણાયામ તથા માનસિક સ્વાસ્થ્ય માટે ધ્યાન કરવાનો મેં સંકલ્પ કર્યો છે તેમજ પરમાત્માએ દર્દીઓની સેવા કરવાની તક આપી છે તો પ્રમાણિકતાથી સેવા કરીશ.

**● ડો. મહેશ પરમાર-મેડીકલ ઓફીસર, સરકારી આર્યુવેદ હોસ્પિટલ, સે-૨૨**



બેંકિંગની દષ્ટિએ ૨૦૧૭નું વર્ષ ખુબ સારું રહ્યું છે. મ્યુચ્યુઅલ ફંડ સહિત વિવિધ ફાઈનાન્શિયલ પ્રોડકટસમાં હવે રોકાણકારોનો વિશ્વાસ વધતા તેમાં રોકાણ વધ્યું છે. જો કે ફિકસ ડિપોઝિટના વ્યાજના દરમાં ઘટાડો આવ્યો છે પરંતુ સામે પક્ષે અન્ય નાણાંકીય સાધનોનો વિકલ્પ રોકાણકારો અપનાવી રહ્યાં છે.

**● ધ્વનિત પંડયા-યુનિટ મેનેજર-એસબીઆઈ બેંક**



વર્ષ ૨૦૧૭ મારા માટે એકંદરે નિરાશાનું વર્ષ રહ્યું કારણ કે મારા અનેક સપનાં અધૂરા રહ્યા છે. આ ઉપરાંત આ વર્ષ મોંઘવારી ભર્યું અને ખર્ચાળ પણ રહ્યું જેના કારણે મારા ઘણા આયોજનો ખોરંભે ચઢયા. જો કે વર્ષ ૨૦૧૮માં મારા સપનાં અને બાકી રહેલ આયોજનો બંને પૂર્ણ કરીશ તથા આરોગ્યની દષ્ટિએ પણ વધુ સારું વર્ષ રહે તે માટે પ્રયત્નશીલ રહેવાનો મેં સંકલ્પ કર્યો છે.

**● પલ્કેશ જાની-નાગરિક સે-૨૪**




આ વર્ષ મારા અને મારા પરીવાર માટે લાભદાયી નિવડયું છે. પરિવારના સૌ સભ્યો સાથે રહી શકીએ તે માટે નવિન મકાન ખરીદ્યું છે. ત્યારબાદ કેટલાક સામાજીક સારા અને નરસા પ્રસંગો બાદ કરતા વેપાર ક્ષેત્રે પણ વર્ષ ફળદાયી નીવડયું છે.

**● મહેન્દ્રભાઈ સોડાવાળા, ઘ-૨**



મારા દિકરાને એન્જિનીયરીંગમાં છેક ભૂજ એડમિશન મળ્યું હતું. તેથી પરિવારથી દૂર થઈ ગયો હતો પરંતુ હવે તેને અહીં ટ્રાન્સફર મળી જતા વર્ષ ૨૦૧૮માં પરિવારની હૂંફ સાથે વધુ સારી રીતે તેનો અભ્યાસ કરી શકશે. ખાસ કરીને દાદા-દાદીનો સંગ તેને ખુબ ઉપયોગી નિવડશે. વર્ષ ૨૦૧૮માં હું મારી શાળામાં બાળકોને ટેકનોલોજીના ઉપયોગ સાથે જીવનલક્ષી શિક્ષણ વધુ આપી શકું તે માટે પ્રયત્નશીલ રહીશ.

**● મેઘા દવે, શિક્ષિકા, આર.એન. પટેલ પ્રા. સ્કૂલ**



વર્ષ ૨૦૧૬માં નોટબંધીના નિર્ણય પછી ૨૦૧૭નું વર્ષ અકંદરે સારું ગયું છે જો કે હવે આગામી સમય બેંકિંગ ક્ષેત્રે કપરો રહેશે કારણ કે બંધનો વધશે તેવું જણાય છે. વ્યકિતગત રીતે ૨૦૧૭નું વર્ષ મારા માટે ભુલી શકાય તેવું નથી કારણ કે પરિવારમાં અંગત સ્નેહીજનો માટે આઘાતજનક સમાચારનો સામનો કરવો પડયો છે. વર્ષ ૨૦૧૮નું વર્ષ મારા કુટુંબીજનોનું સ્વાસ્થ્ય સારું રહે તેવી અપેક્ષા છે.

**● યુસુફ રંગવાલા, સિનિયર મેનેજર-દેના બેંક**

# સે-૩ એસએસવી કેમ્પસ ખાતે મેગા એક્ષલ કાર્નીવલનું આયોજન

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટર-






૩ ખાતે આવેલ એસએસવી શાળાના કેમ્પસ ખાતે ત્રિદિવસીય મેગા એક્ષલ કાર્નીવલ-૨૦૧૮નું



આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શાળામાં કેજી થી ધો-૮ સુધી અભ્યાસ કરતા ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. આ કાર્નીવલ બપોરે ૨ થી ૬ કલાક સુધી યોજાયો હતો. મેગા કાર્નીવલમાં ઘરમાં તેમજ બહાર માર્ગ પર બાળકોને રાખવાની કાળજી, જ્ઞાન સાથે ગમ્મત, તેમજ બાળકોએ આહારમાં આરોગ્ય વિષયક પણ કાળજી રાખવી તે સહિતની માહિતી આપવામાં આવી છે. ગઈકાલથી શરુ થયેલા કાર્નીવલનો હજ્જારો વિદ્યાર્થીઓ તેમજ નગરજનોએ લાભ લીધો છે.

ગાંધીનગર સેકટર-૩ સ્થિત એસએસવી શાળાના મેગા એક્ષલ કાર્નીવલ ૨૦૧૮નો પ્રારંભ તા. ૨૯ મી ડિસેમ્બરને શુક્રવારના રોજ બપોરે ૨ કલાકે શાળાના ટ્રસ્ટીના હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત શાળાના ટ્રસ્ટીગણે બાળકોને પ્રેરણાદાયી વકતવ્ય આપ્યું હતું. ત્યારબાદ સાંસ્કૃતિ રંગારગ કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. જેમાં શાળાના બાળકોએ વિવિધ ફિલ્મી ગીત પર ડાન્સ કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તો બીજીતરફ બેટી બચાવો બેટી પઢાવો નાટક સુંદર રીતે બાળકોએ



પ્રસતુત કરતા સૌ કોઈની આંખ ભીની બની ગઈ હતી. ઉપરાંત બાળકોએ રાજસ્થાની ફોક ડાન્સ, જય હો, સેવ ટ્રી, બન જા તુ મેરી રાજા સહિતના ગીતો પર પોતાનું પર્ફોમન્સ રજુ કર્યું હતું. જયારે આજે બાળકોએ વિવિધ વિષયો પર પોતાના પ્રોજેકટ રજુ કર્યા હતા. જેમાં બાળકો માટે સાદા વૈજ્ઞાનિક પ્રયોગો, જીવનના વિવિધ તબક્કા, બાળકોને ઘર અને માર્ગમાં રાખવામાં આવતી સલામતી, શાળામાં વર્ષ દરમિયાન ઉજવાતા તહેવારો, શાળામાં એડમીશન પ્રક્રિયા, જ્ઞાન સાથે ગમ્મત, બાળકો માટે સ્વાસ્થય અને સ્વચ્છતા, સાયન્સ એન્ડ ટેકનોલોજી, સહિતના પ્રોજેકટ રજુ કરીને બાળકોને સવિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. આ તમામ પ્રોજેકટ વિદ્યાર્થીઓ એ જાતે તૈયાર કર્યા હતા. જયારે સમગ્ર કાર્નીવલનું આયોજન ટીમવર્ક દ્વારા તૈયાર કરાયું છે. આ અદભુત પ્રદર્શન નિહાળીને બાળકો તેમજ વાલીઓ ખુશખુશાલ નજરે પડતા હોય છે. જયારે અત્યાર સુધીમાં હજ્જારો વિદ્યાર્થીઓ તેમજ નગરજનોએ આ કાર્નીવલનો લાભ લીધો છે. જયારે રવિવારના રોજ પણ બપોરે સિનિયર કેજીથી લઈને મોટા બાળકોનો ગીત-સંગીત અને સાંસ્કૃતિ કાર્યક્રમ યોજાશે.

# વર્ષ-૨૦૧૭ના છેલ્લા દિવસે સચિવાલયમાં રજાનો માહોલ

## કામકાજના છેલ્લા દિવસે સરકારી કર્મચારીઓએ બાકી રહેલી રજા ભોગવી : સચિવાલય સહિતની સરકારી કચેરીઓ મોટા ભાગે ખાલી રહી

ગાંધીનગર, તા.૩૦

વર્ષ ૨૦૧૭ના છેલ્લા કામકાજના દિવસે સચિવાલય સહિતની વિવિધ સરકારી કચેરીઓમાં કાગડા ઉડતા હતા. બાકી રહેલી રજા વાપરી નાંખવા ઘણા કર્મચારીઓ આજે રજા પર રહ્યા હતા. કચેરીઓ સુમસામ લાગતી હતી.

સોમવારથી ઈશુનું નવું વર્ષ શરુ થશે. નવા વર્ષે સરકારી કર્મચારીઓને નવી બાર સીએલ મળશે. આજે કામકાજનો છેલ્લો દિવસ હોવાથી



બાકી રહેલી સીએલને વાપરી નાંખવાના મુડમાં મોટાભાગના સરકારી કર્મચારીઓ રજા પર રહ્યા હતા. કામકાજના છેલ્લા દિવસે શનિવાર હોવાથી શનિ-રવિની બે રજાઓ એક સાથે માણવા મળે તે હેતુથી રજા રાખી હતી.

સચિવાલય અને અન્ય સરકારી કચેરીઓમાં કર્મચારીઓની ગેરહાજરીના કારણે જાણે રજાનો માહોલ રહ્યો હતો. કચેરીઓ ૬૦ ટકા જેટલી ખાલી રહી હતી. કેટલાક કર્મચારીઓ સળંગ બે ત્રણ દિવસની રજા લઈ ફરવા ઉપડી ગયા હતા. જેના કારણે પ્રવાસન ધામોમાં પણ ભીડ જોવા મળી હતી. સરકારી કામકાજ માટે સરકારી કચેરીઓમાં પહોંચેલા અરજદારોને ધક્કો પડયો હતો. અરજદારોને નવા વર્ષે આવવા જણાવાયું હતું.

# કોલવડાના યુવાને ઝેરી દવા ગટગટાવી લઈ જીવન ટુંકાવ્યું

## સોનીપુરથી સરઢવ જતા રસ્તામાં મંદિર પાસે દવા પી લીધી હતી : યુવાનનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૩૦

કોલવડા ગામમાં રહેતા ૨૩ વર્ષીય યુવાન કિરણ પરબતભાઈ ઠાકોરે ગઈ કાલે બપોરના અરસામાં સોનીપુર-સરઢવ રોડ પર એક મંદિર પાસે જંતુનાશક ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરાતા તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયો હતો. આજે સવારે કિરણ ઠાકોરનું સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. પેથાપુર પોલિસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. જો કે હજુ સુધી આપઘાતનું ચોકકસ કારણ બહાર લાવી શકયું નથી.

# નવા વર્ષે કાતિલ ઠંડીની આગાહી


ગાંધીનગર, તા.૩૦

નવા વર્ષની શરૂઆતમાં ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં કાતિલ ઠંડી પડશે તેવું જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે આગાહી કરી છે. કેટલાક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી ઓછુ રહેવાની સંભાવના છે.

ઠંડીનો રાઉન્ડ નવા વર્ષામાં આવે જળદાયક નક્ષત્રનાડીના યોગો જોતાં ઈસુના નવા વર્ષમાં કાતિલ ઠંડી પડવાના યોગ બનશે. અમદાવાદમાં ન્યુનત્તમ ઠંડીનો પારો ૧૦ ડિગ્રી સુધી જઈ શકવાની શક્યતા છે. હાલમાં રાજ્યના ભાગોમાં થોડા દિવસ પૂર્વે આકાશમાં વાદળો છવાતા માવઠા જેવી સ્થિતિનું નિર્માણ થતાં ખેડૂતો ચિંતામાં મુકાયા હતા. વાદળો વિખરાતા બર્ફિલી ઠંડીનો રાઉન્ડ આવવામાં હતો જ્યારે હાલમાં ઠંડી હોવા છતાં ઉષ્ણતામાનમાં વધઘટ થવામાં છે. આથી રાત્રીના ભાગમાં ઠંડી રહે છે. ભૌગોલિક બાબતો તેમજ અન્ય આધારે જોતા તા.૩૧મી ડિસેમ્બરથી હવામાન બદલાય. જ્યારે જાન્યુઆરી ૫ સુધીમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશમાં ભારે હિમવર્ષા થતાં તેની અસર ગુજરાતના ભાગોમાં પણ આળી શકે. દિલ્હી, પંજાબ, હરિયાણા તેમજ રાજસ્થાનના ભાગમાં સુસવાટાભર્યા પવનો ફુંકાતા ન્યુનત્તમ તાપમાન ૫ ડિગ્રી સુધી થઈ જવાની શક્યતા રહે. જ્યારે જમ્મુ કાશ્મીરના ભાગમાં



ન્યુનત્તમ તાપમાન ઘણું ઘટી જાય. હિમાચલના ભાગોમાં ન્યુનત્તમ તાપમાન શૂન્ય ડિગ્રીથી પણ નીચુ જવાની શક્યતા રહેશે. છેક ઉત્તર ભારતથી લઈને ગુજરાતના ભાગો સુધી હવામાન કથળી જાય. દેશના વાયવ્ય ભાગમાં વાદળછાયુ વાતાવરણ જણાતા ગુજરાતના ભાગોમાં વાદળ આવે અને સવારના ભાગોમાં વાદળ આવે અને સવારના ભાગમાં ધુમ્મસ જેવું રહે. ઉત્તર ભારતના ભાગોમા પણ વાદળછાયુ રહે કે, ધુમ્મસ થઈ જવાની સંભાવના રહે. કમોસમી વરસાદની પણ શક્યતા રહે. વાદળો વિખરાતા ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં જાન્યુઆરી તા. ૯ સુધીમાં બર્ફિલા પવનોની અસરથી તિવ્ર ઠંડીનો રાઉન્ડ આવવાની શક્યતા રહેલી છે.





## ડો. કનૈયાલાલ ભટ્ટ લિખિત – દિગ્દર્શિત નાટકનો નાટ્યપ્રયોગ યોજાયો

ગાંધીનગરના કવિ, નાટ્યકાર ડૉ. કનૈયાલાલ ભટ્ટ લિખિત અને દિગ્દર્શિત નાટક " સાત સપનાંની સફર"નો પ્રથમ નાટ્ય પ્રયોગ ૨૯ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ હિંમતનગરના શૈક્ષણિક સંકુલ વિદ્યાનગરીના થિયેટર હૉલમાં યોજાઈ ગયો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાતી ભાષાના જાણીતા નાટ્ય લેખક શ્રી મધુ રાય ઉપસ્થિત રહ્યા હતા. આ નાટક ગુજરાત રાજ્ય, સંગીત નાટક અકાદમી - ગાંધીનગરના આર્થિક સહયોગથી યોજાયું હતું. એક કલાકારના જીવનના સાત સપનાની પૂર્તિ કરતું આ અદભુત અને મૌલિક નાટકમાં શ્રી જયપ્રકાશ જોશી, ભારતી ખંડાગલે, પ્રકાશ વૈદ્ય, વસંત સોની, રાજેશ લિમ્બાચીયા, પ્રિમા પટેલ, પીયુષ પોકાર, હેતલ પટેલ, જયદીપ ગઢવી, દેવેશ મુથ્થા, વેદા દીક્ષિત, મેઘા ઉપાધ્યાય ધ્વનિ ગાંધી વગેરેએ અભિનય આપ્યો હતો. સ્ટેજ સજાવટ પીયુષ પટેલ સંગીત આયોજન શ્રી રામ ભટ્ટ મેઈકપ શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદી અને સહ દિગ્દર્શન શ્રી મહેન્દ્ર પ્રજાપતિએ કર્યુ હતું. ડૉ. કનૈયાલાલ ભટ્ટ લિખિત દિગ્દર્શિત આ નાટક માણવા શહેરના અગ્રગણ્ય નાગરિકો, સર્જકો અને નાટ્ય રસિક કલાકારો એકઠા થયા હતા. આ નાટકનો બીજો શૉ ડેમાઈ ખાતે યોજાઈ રહ્યો છે.